અભંગદ્વાર પાઠશાળા

# શ્રી પદ્મપ્રભ જિન સ્તવન (૧)

**પદ્મપ્રભ જિન જઈ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી;**
**કાગળ ને મસી જિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી.**
**સુગુણ સનેહા રે કદિય ન વિસરે.**

શ્રી પદ્મપ્રભ જિનેશ્વરદેવ અહીંથી દૂર જઈને વસ્યા છે. ત્યાંથી પત્ર આવતો નથી, કાગળ અને શાહી ત્યાં મળતા નથી. સીધા ત્યાં જવા માટે અહીં વર્તમાનકાળે કોઈ વિશિષ્ટ માર્ગ પણ નથી. આ રીતે સ્નેહીજનો દૂર રહ્યા હોય તો પણ સુંદર ગુણોવાળા એ સ્નેહીજનો ક્યારેય પણ વિસરાતા નથી. મનથી ભૂલાતા નથી.

Melbourne Shwetambar Jain Sangh

# શ્રી પદ્મપ્રભ જિન સ્તવન (૨)

ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી.
સુગુણ સનેહા રે કદિય ન વિસરે.

અહીંથી ત્યાં જઈને કોઈ પાછું આવતું નથી, કે જે ત્યાંના સમાચાર આપી શકે. જેમનો મેળાપ થવો દુર્લભ છે, તેમની સાથે સ્નેહ રાખવો તે પોતાને દુ:ખરૂપ છે.

અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA
Melbourne Shwetambar Jain Sangh

# શ્રી પદ્મપ્રભ જિન સ્તવન(૩)

**વીતરાગશું રે રાગ તે એકપખો, કીજે કવણ પ્રકારોજી;**
**ઘોડો દોડે રે સાહિબ વાજમાં, મન નાણે અસવારોજી.**
**સુગુણ સનેહા રે કદિય ન વિસરે.**

શ્રી વીતરાગ પરમાત્મા સાથે એકપક્ષીય રાગ કેવી રીતે કરવો ? માલિકની લગામ અનુસાર ઘોડો વેગમાં દોડ્યા કરે, પણ તેના ઉપર સવારી કરનાર તે વાત મનમાંયે ન લાવે. (એ કેવું ?)

અભંગદ્વાર
પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી પદ્મપ્રભ જિન સ્તવન (૪)

**સાચી ભક્તિ રે ભાવનરસ કહ્યો, રસ હોયેં તિહાં દોય રીઝેજી;**
**હોડાહોડે રે બિહું રસરીઝથી, મનના મનોરથ સીઝેજી.**
**સુગુણ સનેહા રે કદિય ન વિસરે.**

પ્રભુના સ્વરૂપની વિચારણારૂપ ભાવના રસને જ સાચી ભક્તિ કહી છે. જ્યાં રસ હોય ત્યાં બંને રીઝે છે. (એટલે હું રીઝું અને પ્રભુ ન રીઝે એમ ન થવું જોઈએ) એવી સ્પર્ધાથી જ, એકબીજાના રસની રીઝથી જ મનના મનોરથો સિદ્ધ થાય છે.

Melbourne
Shwetambar Jain Sangh

# શ્રી પદ્મપ્રભ જિન સ્તવન (૫)

**પણ ગુણવંતા રે ગોઠે ગાજીએ, મોટા તે વિશ્રામજી;**
**વાચક જશ કહે એક જ આસરે, સુખ લહું ઠામોઠામજી.**

**સુગુણ સનેહા રે કદિય ન વિસરે.**

પણ ગુણવાનની સોબતથી હું ગાજું છું કારણ કે મહાપુરુષો વિશ્રાંતિના સ્થાનરૂપ હોય છે. પૂ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે એ જ પ્રભુના આશ્રયથી હું ઠેર-ઠેર સુખ અનુભવું છું.

અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA
Melbourne Shwetambar Jain Sangh